# Telephone Conversation between Prime Minister and His Majesty the King of Saudi Arabia

September 09, 2020

# વડાપ્રધાન અને મહામહિમ સાઉદી અરેબિયાનાં રાજા વચ્ચે ટેલિફોન પર વાતચીત

સપ્ટેમ્બર 09, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મહામહિમ રાજા સલમાન બિન અબ્દુલઅઝિઝ અલ સાઉદ સાથે ફોન પર વાત કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીનાં સંદર્ભમાં વૈશ્વિક પડકારો પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

જી20 ગ્રુપિંગની ચાલું અધ્યક્ષતા દરમિયાન સાઉદી અરેબિયા દ્વારા પ્રદાન કરવામાં આવેલી આગેવાની માટે વડાપ્રધાને પ્રશંસા વ્યક્ત કરી હતી. નેતાઓ સંમત થયા હતા કે જી20 સ્તર પર કરવામાં આવેલી શરૂઆતોએ મહામારી સામેનાં સંકલિત પ્રતિભાવનો પ્રચાર કરવામાં મદદ કરી હતી. તેઓએ જી20 ની કાર્યસૂચિ પર હાલમાં મુખ્ય અગ્રતાઓ પર પણ ચર્ચા કરી હતી.

બન્ને નેતાઓએ ભારત અને સાઉદી અરેબિયાનાં દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો, અને તમામ ક્ષેત્રોમાં સહકાર વધુ મજબૂત કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાને કોવિડ-19 મહામારી દરમિયાન સાઉદી સત્તાધિકારીતાઓ દ્વારા ત્યાં વસતા ભારતીય નાગરિકોને સહાયતા પ્રદાન કરવા બદલ મહામહિમ રાજા સલમાનનો વિશેષ આભાર માન્યો હતો.

વડાપ્રધાને મહામહિમ રાજા સલમાન બિન અબ્દુલઅઝિજ અલ સાઉદ, સાઉદી અરેબિયાનાં રાજવી પરિવારનાં અન્ય સભ્યો અને કિંગ્ડમનાં તમામ નાગરિકોનાં સારા આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 09, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.